GJKH070011002024

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૨૧/૧૦/૨૦૨૪ | | |
| કેસ દાખલ તારીખ | ૨૧/૧૦/૨૦૨૪ | | |
| કેસ ફેંસલ તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૦૭ |

===============================================

# ઠાસરાના મહેરબાન જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર) સાહેબની અદાલતમાં, મુ.ઠાસરા સમક્ષ

===============================================

ફોજદારી કેસ નંબર–૭૧૧/૨૦૨૪
આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર

(ઠાસરા પો.સ્ટે. બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૪૦૨૦૧/૨૦૨૪)

વિરૂધ્ધ

આરોપી :– (૧) શૈલેષ ઉર્ફે ગાંધી રાવજીભાઈ ચાવડા
ઉ.વ.૩૫, ધંધો–ખેતી
(૨) રાવજીભાઈ બુધાભાઈ ચાવડા
ઉ.વ.૫૮, ધંધો–ખેતી
(૩) તેજલબેન વ)/ઓ રાવજીભાઈ બુધાભાઈ ચાવડા
ઉ.વ.૫૫, ધંધો–ખેતી/ઘરકામ
(૪) રેખાબેન વા/ઓ શૈલેષ ઉર્ફે ગાંધી રાવજીભાઈ ચાવડા
ઉ.વ.૩૦, ધંધો–ખેતી/ઘરકામ
તમામ રહે. વિસનગર, બસસ્ટેશનની સામે તાબે એકલવેલુ,
તા.ઠાસરા, જિ.ખેડા

THE HIGH COURT OF GUJARAT

=================================================================

**ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.પટેલ**
**આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી એમ.જી.મલેક**

=================================================================

=================================================================

**ગુનો:– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ**

=================================================================

=================================================================

**સમક્ષ– શ્રી વિપુલ અમૃતલાલ ઠકકર, જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ઠાસરા**

=================================================================

**:: ઠ રા વ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગે આ કામના ઉપરોકત આરોપીઓએ મોજે ગામ વિસનગર, વડની સામે રોડ ઉપર ઘરનાળા નજીક પોતાના ઘરથી રોડ સુધી રોડની ગટર ઉપર ભુંગળા નાખી રસ્તો બનાવતા હતા તે વખતે આ કામના સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનો છાણનો ઉકરડો રોડની કિનારી ઉપર હોય અને તે ઉકરડો આ કામના આરોપીઓએ જે.સી.બી. મશીન બોલાવીને હટાવતા હોય જેથી સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનાઓએ આરોપીઓને જણાવેલ કે, **મારો ઉકરડો તમે સાઈડમાં બનાવી આપો** તેમ કહેતા આરોપી શૈલેષભાઈ રાવજીભાઈ ચાવડાએ સાહેદ કૈલાશબેન ચાવડાને જણાવેલ કે, **જો તું તારો ઉકરડો નહી હટાવવા દે તો અમો તને ઉકરડા સાથે ધકકો મારીને રોડની ગટરમાં નાખી દઈશું** અને તેમ કહી ગાળો બોલવા લાગેલા. આરોપી શૈલેષભાઈ ચાવડાનું ઉપરાણુ લઈ આરોપી રાવજીભાઈ ચાવડા, તેજલબેન રાવજીભાઈ અને રેખાબેન શૈલેષભાઈનાઓ આવી ગયેલા અને ગમેતેમ ગાળો બોલવા લાગેલા અને આરોપી તેજલબેન ચાવડા અને રેખાબેન ચાવડાનાઓએ સાહેદ કૈલાશબેન સાથે ખેંચતાણ કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને તમામ આરોપીઓ સાહેદ કૈલાશબેન ચાવડાને કહેતા હતા કે, **અમે આજે જઈએ છીએ,**

**અમોને રસ્તો કોણ બનાવવા દેતુ નથી અને અમોને રસ્તો બનાવતા જો કોઈ રોકશે તેને અમો જાનથી મારી નાખીશું** તેવી ધાકધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ અને ફરીયાદીએ આ બાબતેની ધોરણસરની ફરીયાદ ઠાસરા પોલીસ સ્ટેશનમાં આપતા આ કામના આરોપીઓ વિરુધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો ગુનો નોંધેલ.

(૨) આ કામના ફરીયાદી લક્ષ્મીબેન રમણભાઈ ચાવડાનાઓએ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ આરોપીઓ વિરુધ્ધ ઠાસરા પોલીસ મથકે ફરીયાદ આપતા, ઠાસરા પોલીસે **ઠાસરા પો.સ્ટે. બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૪૦૬૦૨૪૦૨૦૧/૨૦૨૪** થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબની ફરીયાદ નોંધેલ. આ કામના તમામ આરોપીઓને ઠાસરા પોલીસ સ્ટેશનના ત.ક.અમલદાર હેડ કો. આર.પી.ચાવડાનાઓએ તા.૨૫/૦૬/ ૨૦૨૪ ના રોજ કલાક ૧૩:૩૦ વાગે હાજર રહેવા માટે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૧(એ) મુજબની નોટીસ તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ આપેલી હતી. આ કામના આરોપીઓ તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૧૩:૩૦ વાગે ઠાસરા પોલીસ સ્ટેશનમાં હાજર થતા ઠાસરા પોલીસ સ્ટેશનના હેડ કો. આર.પી.ચાવડાનાઓએ આરોપીઓના નિવેદનો નોંધેલા અને જરૂરી કાર્યવાહી કરેલી અને આ કામના આરોપીઓ ધ્વારા યોગ્ય રકમના જામીન ઠાસરા પોલીસ સ્ટેશનમાં રજૂ કરતા હોય આરોપીઓને ત.ક.અમલદાર હેડ કો. આર.પી.ચાવડાનાઓએ યોગ્ય રકમના જામીન સ્વીકારી આરોપીઓને તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ જામીન ઉપર મુકત કરેલ હતા. આમ, આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત છે.

ત્યારબાદ આ કામના ત.ક.અમલદાર હેડ કો. આર.પી.ચાવડાનાઓએ તપાસ કરી પંચનામાઓ તથા સાહેદોના નિવેદનો અને ઈજા પામનારના સારવારના પ્રમાણપત્રો મેળવી આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો મળી આવતા તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ

THE HIGH COURT OF GUJARAT

ચાર્જશીટ નામ. અદાલતમાં રજૂ કરેલ હતુ, જેને હાલનો ફોજદારી કેસ નં.૭૧૧/૨૦૨૪ થી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીઓ વિરુધ્ધ નામ. અદાલતમાં તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ ચાર્જશીટ રજૂ થયેલ. ત્યારબાદ નામ. અદાલત દ્વારા આરોપીઓને હાજર રહેવા માટે સમન્સ નીકાળવામાં આવેલ હતો. આ કામે આરોપીઓ તેમના વિ.વ.શ્રી સાથે તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ હાજર રહેલ હોય આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ ના પ્રબંધ મુજબ પોલીસ તપાસના કેસ કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુન્હો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ અન્વયે વોરંટ ટ્રાયલ કેસ ચલાવવાને પાત્ર હોય તે મુજબની કાર્યવાહી અનુસરવામાં આવેલ અને અત્રેની અદાલતે આરોપીઓ સામે આંક–૦૩ થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબનું તહોમતનામુ ફરમાવેલ અને જે આરોપીઓને વાંચી સંભળાવતા આરોપીઓએ આંક–૦૩ વાળુ તહોમતનામુ તેઓને કબુલ મંજૂર નથી તેમ જણાવેલ અને આંક–૦૩ વાળા તહોમતનામાના અનુસંધાને આરોપીઓનું આંક–૦૪ થી આંક–૦૭ સુધી નિવેદન (પ્લી) નોંધી લેવામાં આવેલ. જેમાં આ કામના આરોપીઓએ તેઓને ગુનો કબુલ ન હોય તેમ જણાવતા આ કામે ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| આંક | સાહેદનું નામ | પુરાવો નોંધેલ તારીખ |
|---|---|---|
| ૧૨ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ પંચસાહેદ– કાનાભાઈ બાબરભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૧૬/૧૦/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| ૧૪ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ ફરીયાદી– લક્ષ્મીબેન રમણભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૬ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ પંચસાહેદ– મુકેશભાઈ કાળાભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૭ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ સાહેદ– કૈલાશબેન રંગીતભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૮ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ સાહેદ– હિતેશભાઈ અરજનભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૨૦/૧૧/૨૦૨૫ |
| ૧૯ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ સાહેદ– રમણભાઈ મોતીભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૧૯/૦૨/૨૦૨૬ |
| ૨૦ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ સાહેદ– રંગીતભાઈ મોતીભાઈ ચાવડાની જુબાની | ૧૯/૦૨/૨૦૨૬ |
| ૨૧ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ તબીબી સાહેદ– ડો. કૃતાર્થ અજયભાઈ શાહની સોગંદ ઉપરની જુબાની | ૧૯/૦૨/૨૦૨૬ |
| ૨૪ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ ત.ક.અ.– હેડ કો. રાજેશભાઈ પ્રવિણભાઈ ચાવડાની સોગંદ ઉપરની જુબાની | ૨૪/૦૩/૨૦૨૬ |
| ૩૩ | ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ – તબીબી સાહેદ ડો. યશ મિતેશભાઈ રાઠોડની સોગંદ ઉપરની જુબાની | ૨૧/૦૪/૨૦૨૬ |

THE HIGH COURT OF GUJARAT

**<u>દસ્તાવેજી પુરાવો:–</u>**

| આંક | દસ્તાવેજની વિગત | દસ્તાવેજ રજુ થયેલ તારીખ |
|---|---|---|
| ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ફરીયાદપક્ષે સા.નં.૨ ની પંચસાહેદની જુબાનીમાં ૧૬/૧૦/૨૦૨૫ |
| ૧૫ | ફરીયાદ | ફરીયાદપક્ષે સા.નં.૧ ની ફરીયાદીની જુબાનીમાં ૨૦/૧૧/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| ૨૨ | ઈજા પામનાર કૈલાશબેન ચાવડાનું સારવાર અંગેનું પ્રમાણ પત્ર | ફરીયાદપક્ષે સા.નં.૦૯ ની તબીબી સાહેદની જુબાનીમાં ૧૯/૦૨/૨૦૨૬ |
| ૨૫ | રાધાસ્વામી હોસ્પિટલના ડો. મનોજ કટારીયાએ ઠાસરા પોલીસ સ્ટેશનમાં કરેલ ટેલીફોન વર્ધી | ફરીયાદપક્ષે સા.નં.૧૧ ની ત.ક.અ.ની જુબાનીમાં ૨૪/૦૩/૨૦૨૬ |
| ૨૬ | સૂચિ પત્ર | ફરીયાદપક્ષે સા.નં.૧૧ ની ત.ક.અ.ની જુબાનીમાં ૨૪/૦૩/૨૦૨૬ |
| ૨૭ થી ૩૦ | આરોપીઓને આપેલ નોટીસો | ફરીયાદપક્ષે સા.નં.૧૧ ની ત.ક.અ.ની જુબાનીમાં ૨૪/૦૩/૨૦૨૬ |
| ૩૧ | ઈજા પામનાર કૈલાશબેન ચાવડાનું સારવાર અંગેનું પ્રમાણ પત્ર | ફરીયાદપક્ષે સા.નં.૧૧ ની ત.ક.અ.ની જુબાનીમાં ૨૪/૦૩/૨૦૨૬ |

(૫) આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ત્યારબાદ આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આ કામના આરોપીઓએ તેઓ વિરુધ્ધ પડેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરી તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે તેઓ બચાવના સાહેદ તપાસવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, ''ખોટી ફરીયાદ આપી ખોટુ ચાર્જશીટ કરેલ છે.'' ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો સાંભળી કેસ આખરી નિર્ણય માટે રાખવામાં આવેલ છે.

(૬) આ કામે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગે આ કામના ઉપરોકત આરોપીઓએ મોજે ગામ વિસનગર, વડની સામે રોડ ઉપર ઘરનાળા નજીક પોતાના ઘરથી રોડ સુધી રોડની ગટર ઉપર ભુંગળા નાખી

રસ્તો બનાવતા હતા તે વખતે આ કામના સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનો છાણનો ઉકરડો રોડની કિનારી ઉપર હોય અને તે ઉકરડો આ કામના આરોપીઓએ જે.સી.બી. મશીન બોલાવીને હટાવતા હોય જેથી સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનાઓએ આરોપીઓને જણાવેલ કે, મારો ઉકરડો તમે સાઈડમાં બનાવી આપો તેમ કહેતા આરોપી શૈલેષભાઈ રાવજીભાઈ ચાવડાએ સાહેદ કૈલાશબેન ચાવડાને જણાવેલ કે, જો તું તારો ઉકરડો નહી હટાવવા દે તો અમો તને ઉકરડા સાથે ધકકો મારીને રોડની ગટરમાં નાખી દઈશું અને તેમ કહી ગાળો બોલવા લાગેલા. આરોપી શૈલેષભાઈ ચાવડાનું ઉપરાણુ લઈ આરોપી રાવજીભાઈ ચાવડા, તેજલબેન રાવજીભાઈ અને રેખાબેન શૈલેષભાઈનાઓ આવી ગયેલા અને ગમેતેમ ગાળો બોલવા લાગેલા અને આરોપી તેજલબેન ચાવડા અને રેખાબેન ચાવડાનાઓએ સાહેદ કૈલાશબેન સાથે ખેંચતાણ કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને તમામ આરોપીઓ સાહેદ કૈલાશબેન ચાવડાને કહેતા હતા કે, અમે આજે જઈએ છીએ, અમોને રસ્તો કોણ બનાવવા દેતુ નથી અને અમોને રસ્તો બનાવતા જો કોઈ રોકશે તેને અમો જાનથી મારી નાખીશું તેવી ધાકધમકીઓ આપી ગુનો નોંધેલ. ત્યારબાદ ત.ક. અમલદારે તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ. આ કામના ફરીયાદી અને સાહેદોએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે તેમજ તબીબી સાહેદોએ પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. ત.ક.અમલદારે પંચોની હાજરીમાં અને પંચોના લખાવ્યા મુજબ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ છે. ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરેલ હોય આરોપીઓને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે બચાવપક્ષ દવારા પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતને કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામુ પંચોની જુબાનીથી સાબિત કરેલ નથી. ફરીયાદપક્ષે તપાસેલ

સાહેદોએ ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. ફરીયાદી અને સાહેદોએ બનાવવાળી જગ્યા અંગે વિરોધાભાસી કથનો કરેલા છે. ત.ક.અમલદારે બનાવવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા રહીશોના કોઈ નિવેદનો નોંધેલા નથી. આમ, ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર વિનંતી છે.

(૭) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગે આ કામના ઉપરોકત આરોપીઓએ મોજે ગામ વિસનગર, વડની સામે રોડ ઉપર ઘરનાળા નજીક પોતાના ઘરથી રોડ સુધી રોડની ગટર ઉપર ભુંગળા નાખી રસ્તો બનાવતા હતા તે વખતે આ કામના સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનો છાણનો ઉકરડો રોડની કિનારી ઉપર હોય અને તે ઉકરડો આ કામના આરોપીઓએ જે.સી.બી. મશીન બોલાવીને હટાવતા હોય જેથી સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનાઓએ આરોપીઓને જણાવેલ કે, **મારો ઉકરડો તમે સાઈડમાં બનાવી આપો** તેમ કહેતા આરોપી શૈલેષભાઈ રાવજીભાઈ ચાવડાએ સાહેદ કૈલાશબેન ચાવડાને જણાવેલ કે, **જો તું તારો ઉકરડો નહી હટાવવા દે તો અમો તને ઉકરડા સાથે ધકકો મારીને રોડની ગટરમાં નાખી દઈશું** અને તેમ કહી ગાળો બોલવા લાગેલા. આરોપી શૈલેષભાઈ ચાવડાનું ઉપરાણુ લઈ આરોપી રાવજીભાઈ ચાવડા, તેજલબેન રાવજીભાઈ અને રેખાબેન શૈલેષભાઈનાઓ આવી ગયેલા અને ગમેતેમ ગાળો બોલવા લાગેલા અને આરોપી તેજલબેન ચાવડા અને રેખાબેન ચાવડાનાઓએ સાહેદ કૈલાશબેન સાથે ખેંચતાણ કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને તમામ આરોપીઓ સાહેદ કૈલાશબેન ચાવડાને કહેતા હતા

કે, **અમે આજે જઈએ છીએ, અમોને રસ્તો કોણ બનાવવા દેતુ નથી અને અમોને રસ્તો બનાવતા જો કોઈ રોકશે તેને અમો જાનથી મારી નાખીશું** તેવી ધાકધમકીઓ આપી ગુનો કરવામાં આ કામના આરોપીઓએ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨.** શું હુકમ?

**:: નિર્ણયો ::**

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.(૧) તથા (૨) ની સંયુકત ચર્ચા :–**

(૯) આ કેસમાં મારી સમક્ષ ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ અને ૨ એક જ બનાવના ભાગરૂપે હોય અને એક જ બનાવના પરિણામ સ્વરૂપ હોય તેમજ એકબીજા સાથે સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્ત ટાળવા સારૂ બન્ને મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

(૧૦) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૨ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ પંચસાહેદ કાનાભાઈ બાબરભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ ઠાસરા પોલીસે મને ઠાસરા પોલીસ સ્ટેશન બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી લીધેલી.

પંચનામાની વિગત મેં વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી હાજરીમાં પોલીસે કોઈ ઝઘડાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. મને પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં અનુક્રમ નં.૧ પર મારી સહી છે, જેને રજુ દા.આંક–૧૩ આપવામાં આવે છે.'' **આ તબકકે આ પંચસાહેદે પંચનામાની વિગતોને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ પંચસાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી, તે સિવાય હું કશું જાણતો નથી. એ વાત ખરી છે કે, મેં જયારે સહી કરી ત્યારે બીજી કોઈ વ્યકિત હાજર ન હતી.''

(૧૧) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ ફરીયાદી લક્ષ્મીબેન રમણભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''હું અભણ છું. વિસનગર ગામે ગામથી નીચેના ભાગે મકાન બનાવી રહુ છું. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો તારીખ અને મહિનો મને યાદ નથી. બનાવ સાંજના છ સાત વાગ્યાના અરસામાં મારા ઘર આગળ રોડ ઉપર બનેલો. બનાવ વખતે હું તથા મારી જેઠાણી કૈલાશબેનનાએ ઘરે હાજર હતા તે વખતે શૈલષભાઈ તથા રાવજીભાઈ, રેખાબેન અને તેજલબેનનાઓએ મારા જેઠાણી કૈલાશબેન સાથે ઝઘડો કરી મારામારી કરેલ. તેઓએ ઝાપોટ તથા લાતો મારેલી અને બાથમબાથી કરેલી. ત્યારબાદ અમોએ ૧૦૮ બોલાવેલી. મારી જેઠાણી કૈલાશબેનને સારવાર માટે ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી નડીયાદ સીવીલ

હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. મારી જેઠાણી કૈલાશબેનને પગના ભાગે લોહી નીકળેલ હતુ અને ભાગે છાતીના ભાગે વાગેલ હતુ. આ ઝઘડાનું કારણ એ હતુ કે, અમારો રોડ ઉપર ઉકેડો હતો તે ખસેડીને રસ્તો બનાવવો હતો. અમોએ આ લોકોને કહયુ કે, તમો અમારે ઉકેલો ખસેડી રસ્તો બનાવો, તેમ કહેતા મારી જેઠાણી કૈલાશબેનને પગના ભાગે લોહી નીકળેલ હતુ અને ભાગે છાતીના ભાગે વાગેલ હતુ. આ લોકો બિભત્સ ગાળો બોલતા હતા. આરોપીઓ આજરાજે નામદાર કોર્ટમાં હાજર છે. મારા જેઠાણીને માર મારતા તેઓ ગભરાઈ ગયેલા હતા અને બોલી શકતા ન હતા. બનાવ અંગેની મેં ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં મારા અંગૂઠાનું નિશાન છે, જેને હું ઓળખુ છું, જેને રજુ દા.આંક–૧૫ આપવામાં આવે છે. ઝઘડાની જગ્યાએ પોલીસ આવેલી. પોલીસે અમોને ઠાસરા પોલીસ સ્ટેશન જવાનુ જણાવેલ.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું મારા ઘરે હતી. એ વાત ખરી છે કે બુમાબુમ થતા હું બનાવવાળી જગ્યાએ પહોંચેલી. એ વાત ખરી છે કે હું બનાવ સ્થળે પહોંચી ત્યારે મારા જેઠાણી કૈલાશબેન બેભાન હાલતમાં પડેલ હતા. ત્યારબાદ ૧૦૮ બોલાવેલી. એ વાત ખરી છે કે ત્યાર પછી અમે મારી જેઠાણીને લઈને સરકારી દવાખાને આવેલા અને ત્યાંથી અમે નડીયાદ દવાખાને ગયેલા. એ વાત ખરી છે કે મારા ઘરના સભ્યો સાથે ચર્ચા કરી ફરીયાદ લખાવેલી. એ વાત ખરી છે કે આ સિવાય બીજુ કાંઈ બનેલુ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ આપ્યા બાદ મારે પોલીસને મળવાનુ થયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસને મારે દવાખાને મળવાનુ થયેલ. એ વાત ખરી નથી કે દવાખાને સિવાય મારે પોલીસને બીજી કોઈ જગ્યાએ મળવાનુ થયેલ નથી. અમો ફરીયાદ આપવા ગયા ત્યારે મારી સાથે મારી જેઠાણી અને મારા ઘરવાળા હાજર હતા. એ વાત ખરી છે કે પોલીસે ફરીયાદ લખી લીધા બાદ ફકત મારો અંગૂઠો લીધેલો. એ વાત ખરી છે કે પોલીસે ફરીયાદ વાંચી સંભળાવેલી નહી. એ વાત ખરી નથી કે મારી જેઠાણી કૈલાશબેનને પગના

ભાગે લોહી નીકળેલ હતુ અને ભાગે છાતીના ભાગે વાગેલ હતુ એ હકીકત મારી ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી નથી કે મારી જેઠાણી કૈલાશબેનને પગના ભાગે લોહી નીકળેલ હતુ અને ભાગે છાતીના ભાગે વાગેલ હતુ એ હકીકત મારી ફરીયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી નથી કે મેં મારી ફરીયાદમાં આરોપીઓ શું ગાળો બોલતા હતા તે લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મારા જેઠાણી શાનાથી અને કયા ભાગે ઈજા થયેલી તે પણ લખાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ બન્યા બાદ અમો સ્વતંત્ર રીતે હરી ફરી શકીએ છીએ તથા અમને કોઈ રોક ટોક નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે અમારે પહેલેથી જ અદાવત ચાલતી હોય ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપુ છું.''

(૧૨) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૬ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ પંચસાહેદ મુકેશભાઈ કાળાભાઈને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ સવારના સમયે ઠાસરા પોલીસે મને ઠાસરા પોલીસ સ્ટેશન પંચમાં બોલાવેલ. ત્યાં પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલ. પંચનામાની વિગત મેં વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી હાજરીમાં પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. મને આંક–૧૩ નું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં અનુક્રમ ૨ પર મારી સહી છે, જે હું ઓળખુ છું.'' **આ તબકકે આ પંચસાહેદે પંચનામાની વિગતોને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ પંચસાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાતની ખરી છે પોલીસે મારી તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી.''

(૧૩) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૭ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''હું અભણ છું અને મારે ચાર બાળકો છે. મારી મોટી દીકરીનું નામ ગીતાબેન છે, નાનીનું નામ કપિલાબેન અને તેનાથી નાની સંગીતાબેન અને સૌથી નાનો દીકરો જશવંતભાઈ છે. હું રાવજીભાઈ બુધાભાઈ ચાવડાને ઓળખુ છું. તેઓ મારા ઘરની સામે રહે છે. બનાવ જેઠ મહિનામાં એક વર્ષ પહેલા બનેલો. તારીખ અને મહિનો મને ખબર નથી. બનાવ સાંજના સાત વાગ્યાના અરસામાં મારા ઘરની સામે મેં ઉકેડો બનાવેલ છે ત્યાં બનાવેલો. રાવજીભાઈ બુધાભાઈ ચાવડા રસ્તો બનાવવા માટે ભુંગળા અને જેસીબી લાવેલા હતા. ભુંગળા ટ્રેકટરમાં લાવેલા હતા. મેં રાવજીભાઈને કહેલ કે, ખાતર સાઈડમાં ખસેડી લેવા દો, તેમ કહેતા રાવજીભાઈએ જેસીબી વાળાને કહેલ કે, જેસીબી ફેરવી દો. ત્યારબાદ રાવજીભાઈના પત્ની તેજલબેને મને ચોટલો જાલી મને નીચે પાડી દીધેલ તેમજ તેજલબેનના દીકરાની વહુ રેખાબેન તથા તેજલબેને મને મુઢ માર મારેલ અને તે દરમિયાન રાવજીભાઈનો દીકરો સજય આવેલો તેને મારી છાતી પર પગ મુકી દીધેલ. ત્યારબાદ ૧૦૮ આવતા મને સારવાર માટે ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી મને નડીયાદ સારવાર માટે લઈ ગયેલા. મને ખાનગી હોસ્પિટલમાં નડીયાદ સારવાર માટે લઈ ગયેલા. આ તેજલબેન, રેખાબેન તેમજ તેજલબેનના દીકરા સંજય સિવાય બીજા કોઈએ કઈ કરેલ નહી. મને મારમાથી મારી દેરાણી લક્ષ્મીબેને છોડાવેલ. લક્ષ્મીબેનને કઈ વાગેલ નહી. આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે. પોલીસે મારો જવાબ લીધેલો.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાતની મને ખબર નથી કે પોલીસે મારી પૂછપરછ કરેલી હોય કે મારો કોઈ જવાબ લીધેલો હોય. હું જેસીબી પાસે ગઈ તે દરમિયાન બેભાન થઈ ગયેલી. ત્યારબાદ મને નડીયાદ હોસ્પિટલમાં ભાન આવેલુ. અમે કોઈ પોલીસને બોલાવેલી નથી. એ વાત ખરી નથી કે પોલીસે મારૂ નામ સરનામુ પુછેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસ હોસ્પિટલ આવેલી. પોલીસ હોસ્પિટલમાં આવી મને કાઈ પૂછેલ નહી ફકત મને જોઈને પાછી જતી રહેલી. મારી સાથે જે હતા તેમનો જવાબ લીધો હશે. પોલીસે મારો કોઈ જવાબ લીધેલો નથી. એ વાત ખરી છે કે આરોપીઓ મારા ગામના છે જેથી ઓળખુ છું. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે અમારે અદાવત ચાલતી હોય ખોટી જુબાની આપુ છું.''

(૧૪) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૮ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ સાહેદ હિતેષભાઈ અરજણભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''ફરીયાદી લક્ષ્મીબેન મારા કુટુંબી કાકી થાય છે. હું ધોરણ બાર નપાસ છું. બનાવની તારીખ તથા મહિનો મને ખબર નથી, પરંતુ બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા વિસનગર ગામના બસસ્ટેન્ડ ઉપર રોડ પર બનેલ. બનાવ સાંજના આઠ વાગ્યાના અરસામાં બનેલ. બનાવ વખતે હું હાજર ન હતો. બનાવ બની ગયા પછી બનાવવાળી જગ્યાએ આવેલ. તે વખતે કૈલાશબેનને વાગેલુ હતુ જેથી તેમને ઘરે લઈ ગયેલા હતા. કૈલાશબેનને કઈ રીતે વાગેલુ? તેની મને ખબર નથી. કૈલાશબેનને હું અને મહોલ્લાના માણસો દવાખાને લઈ ગયેલા. લક્ષ્મીબેને પોલીસમાં ફરીયાદ આપેલી તેની મને ખબર છે, પરંતુ કોના વિરુધ્ધ ફરીયાદ આપેલી? તેની મને ખબર નથી. લક્ષ્મીબેનને મારી હાજરીમાં કોઈએ માર મારેલ હોય અને બનાવ મેં નજરે જોએલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારી પૂછપરછ  કરેલી નથી.'' **આ તબકકે આ સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલુ ન હોય જેથી વિ.સરકારી વકીલશ્રીએ સાહેદને હોસ્ટાઈલ**

**જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવા માટેની પરવાનગી માંગતા હોય ન્યાયના વિશાળ હિતમાં આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ પ્રમાણે ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ અને ત્યારબાદ લીધેલ ઉલટતપાસમાં આ સાહેદે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.**

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાતની ખરી છે બનાવ સમયે હું સ્થળ પર હાજર ન હતો અને બનાવ મેં નજરે નજર જોએલો નથી. એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ કોઈ નિવેદન લીધેલ નથી.''

(૧૫) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૯ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ સાહેદ રમણભાઈ મોતીભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''હું ધોરણ ૮ સુધી ભણેલો છું. ફરીયાદી લક્ષ્મીબેન મારા પત્ની થાય છે અને સાહેદ કૈલાશબેન મારા ભાભી થાય છે. બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવની તારીખ અને મહિનો મને ખબર નથી. બનાવ સાંજે ૭ વાગ્યે અમારા ઘરની સામે રોડ ઉપર બનેલ. અમોએ અમારા ઘરની સામે ઉકેળો બનાવેલો હતો રાવજીભાઇ બુધાભાઇ ચાવડાનાઓ રસ્તો બનાવવા માટે જેસીબી લાવેલા હતા તેમજ સીમેન્ટના મોટા ભુંગળા લાવેલા હતા, જે ભુંગળા ટ્રેકટરમાં લાવેલા હતા તે વખતે મારા ભાભી કૈલાશબેન અમારો ઉકેળો બનાવેલો છે ત્યાં આગળ હતા અને તે વખતે હું રાવજીભાઇએ અમારા ઘરની સામે જમીન વેચાતી રાખેલ તે જમીનના માલિકને બોલાવેલ ગયો હતા અને ત્યાં આગળ અમારા ઘરની સામે અમારા ખેતરમાં મારા પત્ની લક્ષ્મીબેન હતા અને ત્યાં આગળ શૈલેષભાઇ, રાવજીભાઇ હતા અને રાવજીભાઇ જેસીબીથી ઉકેળો ખસેડતા હતા તે વખતે કૈલાશબેને રાવજીભાઇને કહેલ કે, તમે ઉકેળો સાઇડમાં ખસેડો તેમ કહેતા ઝઘડો થયેલ અને તે વખતે રાવજીભાઇ, સંજયભાઇ, તેજલબેન તથા રેખાબેનનાઓએ કૈલાશબેનને ગેબી માર મારેલ તેઓ કઇ બોલેલા નહી અને કૈલાશબેનને મારા પત્ની લક્ષ્મીબેને વચ્ચે પડી છોડાવેલા. કૈલાશબેનને છાતીમાં

તથા બરડાના ભાગે ઈજા થયેલ. હું જમીન માલિકને બોલાવા ગયેલ ત્યાં પરત આવેલ તે વખતે જોયુ તો કૈલાશબેન બેભાન થઈ ગયેલ હતા, જેથી મેં ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને ૧૦૮ માં કૈલાશબેનને લઈ અમારા ઘરના સભ્યો જેમાં હું રમણભાઇ, લક્ષ્મીબેન, રંગીતભાઇનાઓ ઠાસરા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ અને ત્યાં સારવાર કરાવી નડીયાદ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા. કઈ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા તે મને હાલમાં યાદ નથી. બનાવ અંગેની ફરીયાદ મારી પત્ની લક્ષ્મેબેને આપેલી. પોલીસે મારો જવાબ લીધેલ."

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું જમીન માલિકના ત્યાં ગયેલો. એ વાત ખરી છે કે હું ત્યાંથી ત્યારે મેં મારા ભાભીને બેભાન અવસ્થામાં જોયેલા અને ત્યારબાદ મેં ૧૦૮ બોલાવી અને સીધા દવાખાને ગયેલા. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે લક્ષ્મીબેન મારા પત્ની ખેતરમાં હતા. એ વાત ખરી છે કે બનાવ સમયે હું સ્થળ ઉપર હાજર ન હતો. એ વાત ખરી છે કે મેં બનાવ નજરે નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારૂ નામ સરનામુ અને સંબંધ વિષે પુછેલું, એ સિવાય બીજુ કાંઇ પુછેલુ નહી. એ વાત ખરી નથી કે ઈજા પામનાર મારા ભાભી થતા હોય ખોટી જુબાની આપુ છું."

(૧૬) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૦ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ સાહેદ રંગીતભાઈ મોતીભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''હું ધોરણ ૪ સુધી ભણેલ છું. કૈલાશબેન મારા પત્ની થાય છે અને તેઓએ અમારા ઘરની સામે ઉકેળો બનાવેલ હતો. રાવજીભાઇ બુધાભાઇનાઓને રસ્તો બનાવવો હતો એટલે તેઓએ અમારો ઉકેળો ફેદી કાઢવા કહેલ, જેથી મારી પત્ની કૈલાશબેન ઉકેળા પર બેસી ગયેલ. બનાવની તારીખ અને મહિનો મને ખબર નથી, પરંતુ બનાવ આશરે ૨ મહિના પહેલા બનેલ. રાવજીભાઇ રસ્તો બનાવવા માટે જેસીબી લાવેલા હતા અને સીમેન્ટના ભુંગળા ટ્રેકટરમાં લાવેલા હતા. બનાવ સાંજના ૬ વાગ્યાના આસરામાં અમારા ઘર આગળ બનેલ. આજરોજ નામ. કોર્ટમાં રાવજીભાઇનો છોકરો હાજર છે તે મારી પત્ની કૈલાશબેન સાથે મારા મારી કરેલ. રાજુભાઇની પત્ની તથા એમના દિકરાની પત્નીએ મારી પત્નીનો ચોટલો પકડેલો અને માર

મારેલ અને મારી પત્ની બેભાન થઈ ગયેલ તેને મારા ભાઇની પત્ની લક્ષ્મીબેને છોડાવેલ. બનાવ વખતે હું ડેરીએ ગામમાં દૂધ ભરવવા ગયેલ હતો અને કલાક પછી દૂધ ભરી પાછો આવેલ તે વખતે મારામારી ચાલુ હતી અને મારી પત્ની બેભાન થઈ ગયેલ હતી. મારી પત્નીને છાતીના ભાગે અને હાથ ઉપર ઇજા થયેલ હતી. તેમને ૧૦૮ માં ઠાસરા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. ત્યાંથી સારવાર કરાવ્યા બાદ નડીયાદ જે હોસ્પિટલ લઈ ગયેલ. તે હોસ્પિટલનું નામ મને ખબર નથી. બનાવ અંગેની લક્ષ્મીબેને પોલીસમાં ફરીયાદ આપેલ. પોલીસે મારો જવાબ લીધેલ તેમજ પોલીસે અમારા ઘર આગળ આવી પંચનામું કરેલ."

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું ડેરીએ દૂધ ભરવા ગયેલ હતો. એ વાત ખરી છે કે દૂધ ભરીને પાછો આવ્યો ત્યારે ગામના ઘણા બધા માણસોનું ટોળુ ભેગુ થયેલ હતુ અને મારા પત્ની બેભાન અવસ્થામાં પડેલા હતા. એ વાત ખરી છે કે ત્યારે મારા ભાઇએ ૧૦૮ બોલાવી અને અમે સીધા દવાખાને લઈ ગયેલા. એ વાત ખરી છે કે પોલીસ આવી ત્યારે ફકત પંચનામું કરીને જતી રહેલી. એ વાત ખરી છે કે આ સિવાય બીજુ કાંઇ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે અને આરોપી સાથે રસ્તો બનાવવા બાબતે મનદુ:ખ ચાલતુ આવેલ છે. એ વાત ખરી નથી કે કૈલાશબેન મારા પત્ની થતા હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું."

(૧૭) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૧ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ તબીબી સાહેદ ડો. કૃતાર્થ અજયભાઈ શાહને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ હું રાધાસ્વામી મલ્ટીસ્પેશ્યાલીસ્ટમાં ઓર્થોપેડીક ડોકટર તરીકે ફરજ બજાવતો હતો તે દિવસે કૈલાશબેન ચાવડા, ઉં.વ.૫૫ ના પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. તેઓને હિસ્ટ્રી પૂછતા તેઓએ જણાવેલ કે, હુમલાથી ઇજા થયેલ છે. મેં તેઓને તપાસતા નીચે મુજબની ઇજાઓ જણાવેલ. તેઓને છાતીના ભાગે તથા ડાબા હાથે સાદી ઇજાઓ હતી અને તેઓના હાથનો અને છાતીનો એક્ષરે કઢાવેલ, કોઇ એસ્ટીબંદ જણાઇ આવેલ નહી. મેં દર્દીને દવા આપેલ અને તેઓને અંદરના દર્દી તરીકે તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ દાખલ

કરેલ. તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ ડિસ્ચાર્જ કરેલ. દર્દીની ઈજા સાદી હતી અને જે ૭ થી ૧૦ દિવસમાં રીકવર થઈ શકે તેવી હતી અને જે ઈજાઓ ૨૪ કલાકના અંદરની હતી. દર્દીને થયેલ ઈજાઓ કચ્ચર માર મારવાથી થઈ શકે તેવી હતી. દર્દીને સારવાર અંગેનું મેં સર્ટીફીકેટ આપેલ તેમજ ડિસ્ચાર્જ કર્યા બાદ પોલીસ આવતા મેં સરવાર અંગેનું સર્ટીફીકેટ આપેલ. મને જે સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, જે મારા હસ્તાક્ષરમાં જેમાં મારી સહી તથા સિકકો છે જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૨ આપવામાં આવે છે."

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે દર્દીએ પોતાની હિસ્ટ્રીમાં ઈજા કોણે પહોંચાડી? તે જાહેર કરેલ નહી. એ વાત ખરી છે કે દર્દીની ઈજા સાદા પ્રકારની હતી. એ વાત ખરી છે કે કહેવાતી ઈજા કચ્ચર માર મારવાથી થયેલ હોવાની વિગત દર્દીએ તેની હિસ્ટ્રીમાં જણાવેલ નહી. એ વાત ખરી છે કે કહેવાતી ઈજા કોઇ વસ્તુની સાથે ઝડપથી અથડાઇ અથવાતો પડી જાય તો પણ થઈ શકે. એ વાત ખરી છે કે મેં મારા સર્ટીફીકેટમાં દર્દીનું આખુ નામ સરનામું કે સારવાર અર્થે ક્યારે આવ્યા તે જણાવેલ નથી."

(૧૮) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૪ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ ત.ક.અમલદાર રાજેશભાઈ પ્રવિણભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''હું તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ ઠાસરા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ બજાવતો હતો તે વખતે પીએસઓ વિણાબેનનાઓને રાધાસ્વામી હોસ્પિટલમાંથી ડો. મનોજભાઈ કટારીયા નાઓએ ટેલીફોનીક વર્ધી લખાવેલ કે, એક દર્દી નામે કૈલાશબેન રણજીતભાઈ ચાવડા, ઉ.વ.૫૦, રહે.વિસનગરનાઓ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ રસ્તા બાબતે સામાવાળા શૈલેશભાઈ બુધાભાઈ ચાવડા, રાવજીભાઈ ચાવડા સાથે બોલાચાલી થતા કૈલાશબેનને શરીરના ભાગે કચ્ચર માર મારતા દર્દી સારવાર માટે આજ તા.૨૧/૦૬/૨૦૨૪ ના કલાક ૦૨:૪૫ વાગે અત્રે સારવાર માટે દાખલ કરેલ છે તો આગળની કાર્યવાહી કરવા વિનંતી છે, જે મતલલબની વર્ધી પીએઅઓએ વર્ધી બુકમાં નોંધી આગળની તપાસ મને સોંપેલ. મને ટેલીફોનીક વર્ધીબુકનો ઉતારો બતાવવામાં આવે છે, જેમાં પીએસઓની સહી છે, જેને રજુ

દાખલ આંક–૨૫ આપવામાં આવે છે. જે વર્ધીના આધારે તે દિવસે લક્ષ્મીબેન રમણભાઈ ચાવડાનાઓએ મારી રૂબરૂ શૈલેશભાઈ રાવજીભાઈ ચાવડા, રાવજીભાઈ ચાવડા, તેજલબેન રાવજીભાઈ ચાવડા, રેખાબેન શૈલેશભાઈ ચાવડા વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, તથા ૫૦૬(૨), ૧૧૪ મુજબની ફરીયાદ આપતા મેં મારા રૂબરૂની ફરીયાદ લઈ લીધેલી, જે નામ. કોર્ટના રેકર્ડમાં આંક–૧૫ થી રજુ છે, જેમાં ફરીયાદી તથા રૂબરૂ અમલદાર તરીકે મારી સહી છે, જે ઓળખુ છું, જે ફરીયાદ ગુનો દાખલ થાવા સારુ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ અને ગુનો દાખલ થયા બાદ આગળની તપાસ મેં સંભાળી લીધેલી. મને સુચિપત્ર બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે, જેને રજુ દાખલ આંક–૨૬ આપવામાં આવે છે. મેં તપાસ સંભાળ્યા બાદ પંચ કાનાભાઈ બાબરભાઈ ચાવડા તથા મુકેશભાઈ કાળાભાઈ ચાવડાનાઓની હાજરીમાં ફરીયાદી લક્ષ્મીબેન રમણભાઈ ચાવડાનાઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ, જેનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ અમોએ લખી લીધેલુ અને બંને પંચોએ મારી રૂબરૂ સહી કરેલી. મને નામ. કોર્ટના રેકર્ડમાં આંક–૧૩ બનાવવાળી જગ્યાનું અસલ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, તેમાં મારી સહી છે, જે હું ઓળખુ છું. મેં તપાસના કામે સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડા, રમણભાઈ મોતીભાઈ ચાવડા, રંગીતભાઈ મોતીભાઈ ચાવડા, હિતેશભાઈ અરજણભાઈ ચાવડાનાઓના જવાબ લીધેલ. તેમજ આરોપીઓને નોટીસ કાઢી પોલીસ સ્ટેશન બોલાવી અને પૂછપરછ કરેલી. મને જે નોટીસો બતવવામાં આવે છે, જેમાં આરોપીઓ તથા મારી સહીઓ છે. મને તે નોટીસો બતાવવામાં આવે છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૨૭ થી આંક–૩૦ સુધી આપવામાં આવે છે. મેં સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનાઓનું સીએચસી, ઠાસરા તથા રાધાસ્વામી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલનાઓનું સારવાર સર્ટી મેળવેલ. મને આંક–૨૨ નું સારવાર સર્ટી બતાવવામાં આવે છે, જે તપાસના કામે સામેલ છે. તેમજ મને સી.એચ.સી., ઠાસરાનું સારવાર સર્ટી બતાવવામાં આવે છે, જેમાં મેડિકલ ઓફિસરશ્રીનાઓની સહી છે, જે ઓળખુ છું, જેને રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે.

આરોપી વિરુધ્ધ નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ. આરોપીઓને જોયેથી ઓળખુ છું, જેઓ આજરોજ નામ. અદાલતમાં હાજર છે તે તે જ છે.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે કહેવાતો બનાવ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ બનેલ અને ફરીયાદ તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ ફરીયાદ આપવામાં આવેલ હતી અને એક દિવસ મોડી ફરીયાદ આપવા બાબતે ફરીયાદીએ કોઈ ખુલાસો ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ જાહેર રોડ ઉપર બનેલો. એ વાત ખરી છે કે ફરીયાદના કામે મેં જે નિવેદન લીધેલા છે તે ફરીયાદીના ઘરના માણસોના નિવેદન છે. એ વાત ખરી નથી કે મેં તપાસના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદમાં કહેવાતો બનાવ સાંજના સાડા સાત વાગ્યેનો બતાવેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ દવાખાનામાં સારવાર કરાવવા ગયા ત્યારે ડોકટરના સર્ટીમાં સમય સાત વાગ્યાનો બતાવેલ છે. એ વાત ખરી છે કે આ કામની ફરીયાદ મારા રૂબરૂની છે તેમજ ગુનાની તપાસ પણ મેં જ કરેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓની ધરપકડ પછી ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ મારા રૂબરૂની હોય તેમજ ગુનાની તપાસ પણ મેં જ કરેલ હોય જેથી લાગતાવળગતા સાહેદોના નિવેદનો પણ મેં જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે મેં તૈયાર પંચનામામાં પંચોની સહીઓ મેળવેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદ મારા રૂબરૂની હોય તેમજ તપાસ પણ મેં કરેલ હોય તેના અનુસંધાને આજરોજ ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ રજુ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.''

(૧૯) સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૩ થી ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ તબીબી સાહેદ ડો. યશ મિતેશભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, ''તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ હું સી.એચ.સી., ઠાસરા ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો તે વખતે સાંજના

સાત વાગ્યાના અરસામાં એક પેશન્ટ નામે કૈલાશબેન રંગીતભાઈ ચાવડા, ઉં.વ.૪૫, રહે. વિસનગરનાઓ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા અને મેં તેઓને બહારના દર્દી તરીકે સારવાર આપેલી. મેં તેમને બહારના દર્દી તરીકે પ્રાથમિક સારવાર આપેલી. મેં તેઓને તપાસતા નીચે મુજબની ઈજા જણાયેલી. (૧) તેમના જમણા હાથે લોહી જામી ગયેલુ હતુ અને છોલાઈ ગયેલ હતુ. ઈજાનું કારણ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ સાંજના ૫:૦૦ વાગે હુમલાથી થયેલ. ઈજા તાજી હતી. મેં તેઓને પ્રાથમિક સારવાર આપેલી ત્યારબાદ તેઓ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ગયેલ. ઈજા અંગેનું મેં સર્ટી આપેલ. મને આંક–૩૧ નું મેડીકલ સર્ટી બતાવવામાં આવે છે, જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે, જે ઓળખુ છું. મારા અભિપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજા ગડદાપાટુના માર મારવાથી થઈ શકે.''

બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે દર્દી જયારે દવાખાનામાં આવેલા ત્યારે સભાન અવસ્થામાં હતા. એ વાત ખરી છે કે દર્દીએ હિસ્ટ્રીમાં બનાવ કેવી રીતે બન્યો, કોણે કેવી રીતે ઈજા કરી, કયા આરોપી હતા? તેમના નામ ઠામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે દર્દીને મેં તપાસ્યા ત્યારે સાંજના સાત વાગ્યાનો સમય હતો. એ વાત ખરી છે કે જો કોઈ વ્યકિત પાકા ડામર રોડ ઉપર જોરથી અથડાય તો શરીર ઉપર ઉઝરડા થાય અને વાગેલુ હોય તો લોહી જામી જાય. એ વાત ખરી છે કે દર્દીને મેં પ્રાથમિક સારવાર આપેલી અને તેમણે વધુ સારવાર ખાનગી દવાખાનામાં લીધેલી. એ વાત ખરી છે કે મારા સર્ટીફીકેટમાં ઈજાનો પ્રકાર જણાવેલ નથી.''

(૨૦) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ''પુરાવાનું

મુલ્યાંકન'' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહે છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ: ૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૨ થી પંચસાહેદ કાનાભાઈ બાબરભાઈ ચાવડાને તથા આંક–૧૬ થી પંચસાહેદ મુકેશભાઈ કાળાભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલ છે. આ બન્ને પંચસાહેદોની સોગંદ ઉપરની સરતપાસ જોવામાં આવે તો, આ બન્ને પંચસાહેદો

બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે. આ બન્ને પંચસાહેદોને ઠાસરા પોલીસે તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ પંચમાં રહેવા સારૂ બોલાવેલા હતા. આ બન્ને પંચસાહેદોએ પોલીસ દ્વારા તૈયાર કરેલ પંચનામામાં પોતાની સહી કરેલી હતી. આ બન્ને પંચસાહેદો પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલા નથી કે આ બન્ને પંચસાહેદોની હાજરીમાં પોલીસે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી. આ બન્ને પંચસાહેદોએ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ પંચનામાને વાંચેલ ન હતુ કે પોલીસે વાંચી સંભળાવેલ ન હતુ. આ બન્ને પંચસાહેદોએ આંક–૧૩ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ આ બન્ને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલો પૂછેલા હતા, જેનો આ બન્ને પંચસાહેદોએ ઈન્કાર કરતા જવાબો આપેલ હતા. બચાવ પક્ષે આ બન્ને પંચસાહેદોની ઉલટતપાસ કરેલી છે અને જેમાં આ બન્ને પંચસાહેદોએ તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલ હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે અને પંચનામાની હકીકત અંગે કોઈ જાતમાહિતી ન હોવાનો સ્વીકાર કરેલો છે. આમ, આ બન્ને પંચસાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષ આંક–૧૩ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામુ સાબિત કરી શકેલ નથી.

આ કામે ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪ થી ફરીયાદી લક્ષ્મીબેન રમણભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલ છે. આ ફરીયાદી સોગંદ ઉપરની સરતપાસ તથા આંક–૧૫ વાળી ફરીયાદ અને બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ ફરીયાદી અભણ છે, જેથી બનાવની ચોકકસ તારીખ અને સમય આ ફરીયાદીને ખબર નથી. પરંતુ ફરીયાદીએ બનાવ એકાદ વર્ષ પહેલા સાંજના છ–સાત વાગ્યાના અરસામાં બનેલ હોવાનુ જણાવેલ છે. બનાવ આ ફરીયાદીના ઘર આગળ રોડ ઉપર બનેલ હોવાનુ જણાવેલ છે. બનાવ વખતે આ ફરીયાદી તથા તેમના જેઠાણી કૈલાશબેન ઘરે હાજર હતા તે વખતે આરોપીઓ આ ફરીયાદીની જેઠાણી કૈલાશબેન સાથે ઝઘડો કરેલ અને મારામારી કરેલ, જેમાં ઝાપોટો તથા લાતો મારેલી અને બાથમબાથી

કરેલી તેવી હકીકત ફરીયાદી પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે. આ ફરીયાદીની જેઠાણી કૈલાશબેનને સારવાર માટે ઠાસરા સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે નડિયાદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં કૈલાશબેનને પગના ભાગે લોહી નીકળેલુ હતુ અને છાતીના ભાગે વાગેલુ હતુ તેવી હકીકત જણાવેલી હતી તેમજ આરોપીઓ બિભત્સ ગાળો બોલતા હતા. ફરીયાદીએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. ફરીયાદીએ આંક–૧૫ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, કહેવાતા બનાવ સમયે તેઓ ઘરે હતા અને બુમાબુમ થતા બનાવવાળી જગ્યાએ પહોંચેલા હતા અને બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે તેમના જેઠાણી કૈલાશબેન બેભાન હાલતમાં પડેલા હતા. આમ, આ કામના ફરીયાદીએ કહેવાતો બનાવ નજરે જોયેલો હતો તે અંગે વિરોધાભાસ જણાય આવે છે. ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં ચોકકસ કયા આરોપીએ ધોલધાપટ કરેલી અને ગડદાપાટુનો માર મારેલો તેવી કોઈ હકીકત જણાવેલી નથી. ફરીયાદીએ બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, **એ વાત ખરી છે કે, પોલીસે ફરીયાદ લખી લીધા બાદ ફકત મારો અંગૂઠો લીધેલો. એ વાત ખરી છે કે, પોલીસે ફરીયાદ વાંચી સંભળાવેલી નહી.** આ કામના ફરીયાદીએ અને સાહેદ કૈલાશબેને આરોપીઓના ડરના કારણે પોતાનું રોજીંદુ કામકાજ કરી શકતા નથી તેવી કોઈ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કે નામ. અદાલતમાં કરેલી નથી. આ કામના ફરીયાદીએ આરોપીઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલી નથી. આ કામના ઈજા પામનાર સાહેદ કૈલાશબેને બન્ને તબીબી સાહેદોને તેમને થયેલી ઈજા કોણે કરેલી? તે બાબતે કોઈ હિસ્ટ્રી જણાવેલી નથી. આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં બનાવ જે જગ્યાએ બનેલ તે જગ્યાએ સાહેદ કૈલાશબેન ચાવડાનાઓનો છાણનો ઉકરડો આવેલો હતો તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલા નથી. આમ, ફરીયાદીની સોગંદ ઉપરની સરતપાસ અને બચાવ

પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, બનાવ બનતા આ ફરીયાદીએ નજરે જોયેલ નથી અને ચોકકસ કયા આરોપીએ સાહેદ કૈલાશબેનને ઈજા કરેલી? તે હકીકત આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલી નથી તેમજ આરોપીઓ દ્વારા આ ફરીયાદી તથા સાહેદ કૈલાશબેનને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકત પણ આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ ન હતી. ફરીયાદ પક્ષ આ ફરીયાદીના પુરાવાથી આંક–૧૫ વાળી ફરીયાદ સાબિત કરી શકેલ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૭ થી સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદ અભણ છે અને તેઓને બનાવની કોઈ ચોકકસ તારીખ ખબર નથી, પરંતુ બનાવ જેઠ મહિનામાં સાંજના સાત વાગ્યાના અરસામાં બનેલ હોવાનુ જણાવેલ છે. આ સાહેદ આરોપીઓને ઓળખે છે. આ સાહેદે પોતાના ઘરની આગળ છાણ રાખવાનો ઉકરડો બનાવેલો હતો. આ સાહેદે આ ઉકરડો બનાવવા માટે કોઈ પરવાનગી કે મંજૂરી લીધેલી ન હતી. બનાવ સમયે આરોપી રાવજીભાઈ બુધાભાઈ ચાવડાનાઓ રસ્તો બનાવવા માટે ભુંગળા અને જે.સી.બી. લઈને આવેલા હતા અને આરોપી આ ઉકરડો ખસેડવા પેરવી કરી રહેલ હતા ત્યારે આ સાહેદે આરોપી રાવજીભાઈને જણાવેલ કે, મને આ ઉકરડો ફેરવી દેવા દો. ત્યારબાદ આ કામના આરોપી અને તેમના પરિવારના સભ્યો સાથે આ સાહેદને બોલાચાલી થયેલી, જેમાં આ સાહેદને આરોપી તેજલબેને ચોટલો પકડીને નીચે પાડી દીધેલ અને તેજલબેન અને રેખાબેને મુઢ માર મારેલ. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદને પોલીસે બનાવ બાબતે પૂછપરછ કરેલી હોય કે કોઈ જવાબ લીધેલો હોય તે અંગે કોઈ હકીકત જણાવેલી નથી. આ સાહેદે નડિયાદ હોસ્પિટલમાં પોલીસને બોલાવેલ હતી. નડિયાદ હોસ્પિટલમાં પોલીસ આવેલી પરંતુ આ સાહેદની કોઈ પૂછપરછ કરેલી ન હતી. પોલીસે આ સાહેદનો કોઈ જવાબ લીધેલો નથી. આમ, આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં

આવે તો, આ કામના આરોપીઓએ ફરીયાદીને માર મારેલ હોય કે બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે હકીકત સાબિત થતી નથી. આ કામના આરોપી તેજલબેન અને રેખાબેને આ સાહેદને માર મારેલ હોય અને ઈજા કરેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદે સારવાર કરનાર તબીબી સાહેદને જણાવેલ નથી. વધુમાં આ સાહેદે પોલીસને કોઈ નિવેદન લખાવેલ હોય તેનો ઈન્કાર કરેલો છે. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૮ થી સાહેદ હિતેશભાઈ અરજનભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, ફરીયાદી લક્ષ્મીબેન આ સાહેદના કાકી થાય છે. આ સાહેદને બનાવની ચોકકસ તારીખ અને મહિનો ખબર નથી, પરંતુ બનાવ દોઢેક વર્ષ પહેલા સાંજના આઠેક વાગ્યાના સુમારે વિસનગર ગામના બસ સ્ટેશન ઉપર રોડ ઉપર બનેલો. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ વખતે હું હાજર હતો નહી અને બનાવ બની ગયા પછી હું આવેલો અને તે વખતે કૈલાશબેનને વાગેલુ હોય ઘરે લઈ ગયેલો. આ કૈલાશબેનને કેવી રીતે વાગેલુ અને કોણે મારેલુ ? તે મને ખબર નથી તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદને ફરીયાદ કોણે આપેલ? તેની ખબર નથી. આ સાહેદની હાજરીમાં કૈલાશબેનને મારેલ હોય તેવુ બનેલુ ન હતુ, જેથી વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સવાલો પૂછેલા હતા, જેના આ સાહેદે ઈન્કાર કરતા જવાબો આપેલા છે. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવ બનતા નજરે જોયેલ ન હોય બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી કે પોલીસે મારૂ કોઈ નિવેદન નોંધેલુ નથી. આમ, આ સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓએ સાહેદ કૈલાશબેનને માર મારેલ હોય કે બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તે સાબિત થતુ નથી. આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૧૯ થી સાહેદ રમણભાઈ મોતીભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદને પણ બનાવની ચોકકસ તારીખ અને મહિનો ખબર નથી, પરંતુ બનાવ એકાદ વર્ષ પહેલા સાંજના સાત વાગ્યાની આસપાસ બનેલો હતો. આ કામના ફરીયાદી લક્ષ્મીબેન આ સાહેદના પત્ની થાય છે અને ઈજા પામનાર સાહેદ કૈલાશબેન આ સાહેદના ભાભી થાય છે. બનાવ સમયે આ કામના આરોપીઓ અને ફરીયાદી લક્ષ્મીબેન અને સાહેદ કૈલાશબેન વચ્ચે રોડની પાસે આવેલ ઉકરડો ખસેડવા બાબતે બોલાચાલી થતા આ સાહેદ ઉકરડો જે જગ્યાએ આવેલ હતો તેના મૂળ માલિકને બોલાવવા માટે ગયેલા હતા અને ત્યારબાદ બનાવમાં શું બનેલુ? તે અંગે આ સાહેદને કોઈ જાતમાહિતી નથી. આ સાહેદ પાછા બનાવવાળી જગ્યાએ આવેલા ત્યારે તેમના ભાભી કૈલાશબેન બેભાન અવસ્થામાં પડેલા હતા અને બનાવની જાણ આ સાહેદની પત્ની લક્ષ્મીબેને તેઓને કરેલી હતી. ત્યારબાદ આ સાહેદ તથા ફરીયાદી લક્ષ્મીબેન ઈજા પામનાર કૈલાશબેનને સારવાર માટે દવાખાને લઈ ગયેલા હતા. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં પણ આ સાહેદે જણાવેલ છે કે, **એ વાત ખરી છે કે, બનાવ વખતે હું સ્થળ ઉપર હાજર ન હતો. એ વાત ખરી છે કે, મેં બનાવ નજરે નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારૂ નામ, સરનામુ અને સંબંધ વિશે પૂછેલુ, એ સિવાય બીજુ કાંઈ પૂછેલુ નહી.** આમ, આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં જોવામાં આવે તો, બનાવ સમયે આ સાહેદ બનાવ સ્થળે હાજર હતા નહી, જેથી બનાવમાં ચોકકસ કયા આરોપીએ સાહેદ કૈલાશબેનને માર મારેલ છે? તે આ સાહેદે જોયેલ નથી કે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી. આ સાહેદે આરોપીઓ દ્વારા ફરીયાદી લક્ષ્મીબેન તથા સાહેદ કૈલાશબેનને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૨૦ થી સાહેદ રંગીતભાઈ મોતીભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલ છે. આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદને પણ બનાવની ચોકકસ તારીખ અને મહિનો ખબર નથી, પરંતુ બનાવ એકાદ વર્ષ પહેલા સાંજના સાત વાગ્યાની આસપાસ બનેલો હતો. આ કામના ફરીયાદી લક્ષ્મીબેન આ સાહેદના ભાભી થાય છે અને ઈજા પામનાર સાહેદ કૈલાશબેન આ સાહેદના પત્ની થાય છે. બનાવ સમયે આ કામના આરોપીઓ અને ફરીયાદી લક્ષ્મીબેન અને સાહેદ કૈલાશબેન વચ્ચે રોડની પાસે આવેલ ઉકરડો ખસેડવા બાબતે બોલાચાલી થતા આ સાહેદ ગામમાં આવેલી ડેરીએ દૂધ ભરાવવા ગયેલા હતા અને કલાક પછી દૂધ ભરાવીને પાછા આવેલા હતા. ત્યારબાદ બનાવમાં શું બનેલુ? તે અંગે આ સાહેદને કોઈ જાતમાહિતી નથી. આ સાહેદ પાછા બનાવવાળી જગ્યાએ આવેલા ત્યારે તેમના પત્ની કૈલાશબેન બેભાન અવસ્થામાં પડેલા હતા અને બનાવની જાણ આ સાહેદના ભાભ લક્ષ્મીબેને તેઓને કરેલી હતી. ત્યારબાદ આ સાહેદ તથા ફરીયાદી લક્ષ્મીબેન ઈજા પામનાર કૈલાશબેનને સારવાર માટે દવાખાને લઈ ગયેલા હતા. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં પણ આ સાહેદે જણાવેલ છે કે, **એ વાત ખરી છે કે, બનાવ વખતે હું ડેરીએ દૂધ ભરાવવા ગયેલો હતો. એ વાત ખરી છે કે, દૂધ ભરાવીને પાછો આવ્યો ત્યારે ગામના ઘણા બધા માણસોનું ટોળુ ભેગુ થયેલુ હતુ અને મારા પત્ની બેભાન અવસ્થામાં પડેલા હતા. એ વાત ખરી છે કે, પોલીસ આવી ત્યારે ફકત પંચનામુ કરીને જતી રહેલી અને એ સિવાય બીજુ કાંઈ પૂછેલુ નહી.** આમ, આ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં જોવામાં આવે તો, બનાવ સમયે આ સાહેદ બનાવ સ્થળે હાજર હતા નહી, જેથી બનાવમાં ચોકકસ કયા આરોપીએ સાહેદ કૈલાશબેનને માર મારેલ છે? તે આ સાહેદે જોયેલ નથી કે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી. આ સાહેદે આરોપીઓ દ્વારા ફરીયાદી લક્ષ્મીબેન તથા સાહેદ કૈલાશબેનને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

ફરીયાદ પક્ષે આંક–૨૧ થી તબીબી સાહેદ ડો. કૃતાર્થ અજયભાઈ શાહને સોગંદ ઉપર તપાસેલ છે. આ તબીબી સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ આ તબીબી સાહેદ રાધાસ્વામી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ઓર્થોપેડિક ડોકટર તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે સાહેદ કૈલાશબેન ચાવડા પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. ઈજા પામનારે હિસ્ટ્રીમાં હુમલાથી ઈજા થયેલી તેવી હકીકત જણાવેલી હતી. આમ, આ તબીબી સાહેદના પુરાવા મુજબ ઈજા પામનાર કૈલાશબેન ઈજા કેવી રીતે થયેલી અને કોણે કરેલી? તે અંગે કોઈ સ્પષ્ટ હકીકત આ તબીબી સાહેદને જણાવેલ ન હતી. આ તબીબી સાહેદે ઈજા પામનાર કૈલાશબેનની સારવાર કરેલી હતી અને તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ ડિસ્ચાર્જ કરેલા હતા. સારવાર અંગેનું તેઓએ પ્રમાણપત્ર આપેલુ. દર્દીને થયેલી ઈજા કચ્ચર માર મારવાથી થઈ શકે તેવી હતી. આંક–૨૨ વાળા પ્રમાણપત્રમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષે કરેલી ઉલટતપાસમાં આ તબીબી સાહેદે જણાવેલ છે કે, દર્દીએ ઈજાની હિસ્ટ્રીમાં ઈજા કોણે કરેલી? તે જણાવેલ ન હતુ તેમજ દર્દીને થયેલી ઈજા સાદા પ્રકારની હતી. દર્દીને થયેલી ઈજા સામાન્ય રીતે જો કોઈ વ્યકિત ઝડપથી દોડતો હોય અને કોઈ વસ્તુથી ટકરાઈ જાય તો થઈ શકે તેવા પ્રકારની હતી. આમ, આ તબીબી સાહેદના પુરાવાથી ઈજા પામનાર કૈલાશબેને ઈજાની સારવાર લીધેલી હતી તે હકીકત સાબિત થાય છે, પરંતુ આ ઈજા આરોપીઓ ધ્વારા કરવામાં આવેલી હતી તે હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

THE HIGH COURT OF GUJARAT

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૭ થી આ ગુનાની તપાસ કરનાર અમલદાર હેડ કો. રાજેશભાઈ પ્રવિણભાઈ ચાવડાને સોગંદ ઉપર તપાસેલા છે. આ ત.ક.અમલદારે પોતાની ફરજના ભાગરૂપે ગુનાની તપાસેલ કરેલી અને બનાવવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં અને પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલુ તેમજ સાહેદોના નિવેદનો નોંધેલા અને ઈજા પામનારનું સારવારનું પ્રમાણપત્ર તપાસના કામે મેળવેલ અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામ. અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, આ ત.ક.અમલદારે તપાસના કામે બનાવવાળી જગ્યાના આજુબાજુમાં આવેલ મકાન માલિકોના કોઈ નિવેદનો નોંધેલા નથી તેમજ આ ત.ક.અમલદારની તપાસના કામે બનાવવાળી જગ્યાએથી કોઈ ચીજવસ્તુઓ કબજે કરેલ નથી તેમજ ત.ક.અમલદારની બનાવવાળી જગ્યાએથી બનાવ બનેલ હોય તેવા કોઈ નોંધપાત્ર ચિહનો મળી આવેલ ન હતા. આ ત.ક.અમલદારની તપાસમાં એવુ ખુલવા પામેલુ કે, ફરીયાદી, ઈજા પામનાર તથા આરોપીઓ એક જ ગામના રહીશ છે. આ કામના ફરીયાદી તથા સાહેદોએ આરોપીઓનો ડર હોય અને તેના કારણે તેઓ પોતાનુ રોજીંદુ કામકાજ કરી શકતા નથી અને ફરીયાદી અને સાહેદો આરોપીઓના ભય અને ડરના ઓથા નીચે રહે છે તેવી કોઈ હકીકત ફરીયાદી કે સાહેદોએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ નથી કે આ અંગે કોઈ ફરીયાદ કરેલી નથી. બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં ફરીયાદી અને સાહેદોએ જણાવેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓ ગામમાં શાંતિથી હરે ફરે છે અને પોતાનુ રોજીંદુ કામકાજ અને ખેતી કામ કરે છે. આમ, આ ત.ક. અમલદારના પુરાવાથી આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઈજા પામનાર કૈલાશબેનને ગડદાપાટુનો માર મારેલ હોય અને ઈજાઓ કરેલ હોય તે હકીકત સાબિત થતી નથી.

ફરીયાદ પક્ષે આંક–૩૩ થી તબીબી સાહેદ ડો. યશ મિતેશભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસેલ છે. આ તબીબી સાહેદની સોગંદ ઉપરની સરતપાસ તથા બચાવ પક્ષે કરેલ

ઉલટતપાસ જોવામાં આવે તો, તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ આ તબીબી સાહેદ સી.એચ.સી., ઠાસરા ખાતે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે સાહેદ કૈલાશબેન ચાવડા પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. ઈજા પામનારે હિસ્ટ્રીમાં હુમલાથી ઈજા થયેલી તેવી હકીકત જણાવેલી હતી. આમ, આ તબીબી સાહેદના પુરાવા મુજબ ઈજા પામનાર કૈલાશબેન ઈજા કેવી રીતે થયેલી અને કોણે કરેલી? તે અંગે કોઈ સ્પષ્ટ હકીકત આ તબીબી સાહેદને જણાવેલ ન હતી. આ તબીબી સાહેદે ઈજા પામનાર કૈલાશબેનની પ્રાથમિક સારવાર કરેલી હતી અને વધુ સારવાર માટે રીફર કરેલા હતા. સારવાર અંગેનું તેઓએ પ્રમાણપત્ર આપેલુ. દર્દીને થયેલી ઈજા છોલાવવાથી થઈ શકે તેવી હતી. આંક–૩૧ વાળા પ્રમાણપત્રમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષે કરેલી ઉલટતપાસમાં આ તબીબી સાહેદે જણાવેલ છે કે, દર્દીએ ઈજાની હિસ્ટ્રીમાં ઈજા કોણે કરેલી? તે જણાવેલ ન હતુ તેમજ દર્દીને થયેલી ઈજા સાદા પ્રકારની હતી. ઈજા પામનાર સારવાર માટે આવેલા ત્યારે સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા. દર્દીને થયેલી ઈજા સામાન્ય રીતે જો કોઈ વ્યકિત ઝડપથી પાકા ડામર રોડ ઉપર દોડતો હોય અને પડી જાય તો આંક–૩૧ વાળા સારવારના પ્રમાણપત્રમાં જણાવેલ થઈ શકે તેવા પ્રકારની હતી. આમ, આ તબીબી સાહેદના પુરાવાથી ઈજા પામનાર કૈલાશબેને ઈજાની સારવાર લીધેલી હતી તે હકીકત સાબિત થાય છે, પરંતુ આ ઈજા આરોપીઓ ધ્વારા કરવામાં આવેલી હતી તે હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૨૧) આ તબકકે નામ. અદાલત ધ્વારા **નામ. ગુજરાત હાઈકોર્ટના 2022 (0) AIJEL-HC 244787, રંજનબેન વિ. ગુજરાત રાજયના** ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લીધેલ છે, જે નીચે મુજબ છે.

**"(a) Code of Criminal Procedure, 1973 - S. 378 - Indian Penal Code, 1860 - S. 323, 506(2), 452, 427, 114 - appeal against acquittal -**

offence of voluntarily causing hurt, intentional insult, criminal intimidation, trespassing and mischief - appellant/complainant alleged that she had gone to stop accused from playing loud music - accused entered her verandah and inflicted her with kicks and fist blows - she was abused and threatened - her gown was torn - her son was beaten with cycle chain - order passed by Trial Court acquitting accused - challenged – contention that acquittal was made merely on basis of minor contradictions and omissions in evidence of witnesses - held, no medical treatment was taken in connection to incident - witnesses have changed place of incident, contradictory to investigation carried out - witnesses who are neighbours of complainant have not supported prosecution case and their evidence cannot be relied upon - major contradictions in complaint and evidence of complainant - evidence of all witnesses are contradictory regarding hold of complainant's son by accused and inflicting blows on his neck - no torn gown has been seized by investigating agency - thus, aspect of tearing gown is also doubtful - allegation of using abusive language and threats are also not proved - prosecution has failed to prove the case against accused by leading with cogent and convincing evidence - no interference with order of acquittal - appeal dismissed. (Para 21,23,25,26,27,28)."

આ તબક્કે નામ. અદાલત દ્વારા **નામ. ગુજરાત હાઈકોર્ટનો અલ્કાબેન ઈશ્વરલાલ વ્યાસ વિરુધ્ધ ગુજરાત રાજ્ય, ૨૦૨૩(૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. પાન નં. ૨૪૭૧૬૮** નો ચુકાદો ધ્યાને લીધેલ છે અને જે ચુકાદાના પેરા નં.૧૦ અને ૧૩ માં નામ. હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

**10. Expression in section 503 of the IPC is material. To constitute the offence of criminal intimidation u/s 503 of the IPC, the threat must be of that type which is capable of being put into execution by the accused so as to cause alarm to the undefined complainant. Mere boasting of causing harm such as a threat to kill, when the accused was not armed with any type of weapon nor did he use any force cannot be categorized**

**as criminal intimidation. The empty threat does not even make out prima facie case u/s 506 of the IPC. The threat must be communicated or uttered with the intention of its being communicated to the person threatened with the object of influencing his mind.**

**13. This abusive language if used intentionally for provoking breach of the peace, then it can be prima facie said that offence u/s 504 of the IPC is made out. Mere use of abusive word is not sufficient to bring home the guilt u/s 504 of the IPC. It must provoke to cause breach of peace or to commit any other offence.**

આ તબકકે નામ. અદાલત ધ્વારા **નામ. ગુજરાત હાઈકોર્ટના ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લીધેલ છે, જે નીચે મુજબ છે.

**"In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section0504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence."**

આ તબકકે નામ. અદાલત ધ્વારા **નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬** ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધેલ છે, જેના પેરા–૨૮ માં નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા એમ ઠરાવેલ છે કે,

**“It is one of the fundamental principles of criminal jurisprudence that**

**an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."**

THE HIGH COURT OF GUJARAT

આ તબક્કે નામ. અદાલત દ્વારા **નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ'' નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી.– પેજ નં.૫૨૨)** ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધેલ છે, જેના પેરા–૧૫ અને ૧૯ માં નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા એમ ઠરાવેલ છે કે,

**"15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution**

**cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.**

**19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808]."**

(૨૨) આમ, ઉપરોકત રજૂ થયેલ તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા તેમજ ઉપરોકત ચુકાદાઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનું તહોમત કે, ગઈ તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૦૦ વાગે આ કામના ઉપરોકત આરોપીઓએ મોજે ગામ વિસનગર, વડની સામે રોડ ઉપર ઘરનાળા નજીક પોતાના ઘરથી રોડ સુધી રોડની ગટર ઉપર ભુંગળા નાખી રસ્તો બનાવતા હતા તે વખતે આ કામના સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનો છાણનો ઉકરડો રોડની કિનારી ઉપર હોય અને તે ઉકરડો આ કામના આરોપીઓએ જે.સી.બી. મશીન બોલાવીને હટાવતા હોય જેથી સાહેદ કૈલાશબેન રંગીતભાઈ ચાવડાનાઓએ આરોપીઓને જણાવેલ કે, મારો ઉકરડો તમે સાઈડમાં બનાવી આપો તેમ કહેતા આરોપી શૈલેષભાઈ રાવજીભાઈ ચાવડાએ સાહેદ કૈલાશબેન ચાવડાને જણાવેલ કે, જો તું તારો ઉકરડો નહી હટાવવા દે તો અમો તને ઉકરડા સાથે ધકકો મારીને રોડની ગટરમાં નાખી દઈશું અને તેમ કહી ગાળો બોલવા લાગેલા. આરોપી શૈલેષભાઈ ચાવડાનું ઉપરાણુ લઈ આરોપી રાવજીભાઈ ચાવડા, તેજલબેન રાવજીભાઈ અને રેખાબેન શૈલેષભાઈનાઓ આવી ગયેલા અને ગમેતેમ ગાળો બોલવા લાગેલા અને આરોપી તેજલબેન ચાવડા

અને રેખાબેન ચાવડાનાઓએ સાહેદ કૈલાશબેન સાથે ખેંચતાણ કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને તમામ આરોપીઓ સાહેદ કૈલાશબેન ચાવડાને કહેતા હતા કે, અમે આજે જઈએ છીએ, અમોને રસ્તો કોણ બનાવવા દેતુ નથી અને અમોને રસ્તો બનાવતા જો કોઈ રોકશે તેને અમો જાનથી મારી નાખીશું તેવી ધાકધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ નથી અને આ કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં.૧** નો જવાબ નકારમાં આપી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** જાહેર કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કામના આરોપી નં.**(૧) શૈલેષ ઉર્ફે ગાંધી રાવજીભાઈ ચાવડા, ઉ.વ.૩૫, ધંધો–ખેતી** તથા આરોપી નં.**(૨) રાવજીભાઈ બુધાભાઈ ચાવડા, ઉ.વ.૫૮, ધંધો–ખેતી** તથા આરોપી નં.**(૩) તેજલબેન વ)/ઓ રાવજીભાઈ બુધાભાઈ ચાવડા, ઉ.વ.૫૫, ધંધો–ખેતી/ ઘરકામ** તથા આરોપી નં.**(૪) રેખાબેન વા/ઓ શૈલેષ ઉર્ફે ગાંધી રાવજીભાઈ ચાવડા, ઉ.વ.૩૦, ધંધો–ખેતી/ઘરકામ, તમામ રહે. વિસનગર, બસસ્ટેશનની સામે તાબે એકલવેલુ, તા.ઠાસરા, જિ.ખેડા**નાઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧)** અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ અગાઉ આપેલ જામીન આથી રદ્દ કરવામાં આવે છે. આ કામના આરોપીઓએ આ કામે અપીલ થયેથી એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે ક્રિ.પ્રો. કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)

ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા.

હુકમ આજરોજ તા.૨૮ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by VIPULKUMAR AMRUTLAL THAKKAR on 28/07/2026 17:48:38 IST.

તારીખ :૨૮/૦૭/૨૦૨૬
સ્થળ : ઠાસરા

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
જ્યુડી.મેજી.ફ.ક., ઠાસરા
જીજે ૦૧૪૫૫

સુકેતુ એ. શ્રીમાળી
ગુજરાતી સ્ટેનોગ્રાફર–૩
**KH010336**

THE HIGH COURT OF GUJARAT